ઉત્તર ગુજરાતમાં બેટી બચાવ અને પાણી બચાવના જનઆંદોલનો ઉપાડીએ

અર્બુદા ધામ - આંજણા ચૌધરી સમાજના મહાસંમેલનમાં પ્રેરક આહ્વાન કરતા નરેન્દ્રભાઈ મોદી

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉત્તર ગુજરાતમાં "બેટી બચાવ" અને "પાણી બચાવ"ના જનઆંદોલનો ઉપાડવાનું વિવિધ સમાજોને આહ્વાન કર્યું છે.

સમસ્ત આંજણા ચૌધરી સમાજના મહાસંમેલનને મહેસાણાથી વીસ કિલોમીટર દૂર અર્બૂદાધામ ખાતે સંબોધતાં શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું કે સમાજના સંસારચક્રનું સંતુલન જાળવવા દીકરા દીકરીના ભેદભાવ મિટાવીને ભ્રૂણ હત્યાના ઘોર પાપમાંથી પ્રાયશ્ચિત કરવું જ પડે. ઉત્તર ગુજરાતના સમાજો કૃષિ અને પશુપાલન આધારિત અર્થતંત્ર ધરાવે છે, ત્યારે પાણીનું ટીપેટીપું બચાવીને ટપક સિંચાઇથી ખેતી કરવા ખેડૂત સમાજશકિત પોતાનું સામર્થ્ય બતાવે એવી અપીલ પણ તેમણે કરી હતી.

સમસ્ત આંજણા ચૌધરી સમાજના કુળદેવી અર્બુદા માતાજીના અર્બુદા ધામનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આજે મહેસાણા-વિસનગર માર્ગ ઉપર ગઢા-બાસણા નજીક સંપન્ન થયો હતો.

ત્રણ દિવસના આ અર્બુદાધામ મહોત્સવમાં સમાપન દિવસે આજે આંજણા ચૌધરી સમાજના વિશાળ મહાસંમેલનને મુખ્યમંત્રીશ્રીએ પ્રેરક સંબોધન કર્યું હતું. આંજણા ચૌધરી સમાજની નારીશકિતએ ભ્રૂણહત્યા વિરોધી અભિયાનનો સામૂહિક સંકલ્પ કરી જળસંચય માટે પણ પ્રતિજ્ઞા લીધી હતી.

અર્બુદાધામના નિર્માણ માટે શ્રી પ્રતાપભાઇ ગણપતભાઇ ચૌધરીએ સંકલ્પ કરીને ત્રણ વર્ષ સુધી સમાજમાં જનજાગરણ યાત્રા કરી હતી. આજે સમાજ સમસ્ત વતી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે શ્રી પ્રતાપભાઇ જી. ચૌધરીને સન્માનપત્ર એનાયત કરી બહુમાન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ સમાજમાં ઉચ્ચ અભ્યાસ માટેના શૈક્ષણિક પુરસ્કારોનું વિદ્યાર્થીઓને વિતરણ કર્યું હતું.

અર્બુદાધામ માટે રાજસ્થાનના ગુલાબગંજ અને માઉન્ટ આબુના આંજણા માતાના મંદિરોથી અખંડ જ્યોત પ્રાણપ્રતિષ્ઠા માટે લાવવાની વિધિમાં માઉન્ટ આબુથી અર્બુદાધામ સુધી માનવ સાંકળ રચવાનું ભવ્ય સ્વાગત-આયોજન થયું હતું. સમાજના શ્રેષ્ઠી દાતા પરિવારોનું અભિવાદન પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

અર્બુદા માતાજીના મંદિરમાં જઈને ભકિતભાવથી પૂજા-દર્શન કર્યા બાદ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિરાટ સંખ્યામાં ઉપસ્થિત ચૌધરી પરિવારોની સમાજશકિતનું પણ અભિવાદન કરતાં જણાવ્યું કે મંદિરોનું નિર્માણ સમાજ ચેતના અને સુધારણા સંસ્કાર માટે થાય તે ઐતિહાસિક ઘટના છે અને તેનું તપ કરનારા પ્રતાપભાઇ ગણેશભાઇ ચૌધરી જાખડના ઋષિ અને સમાજના સૌ આગેવાનો અભિનંદનના અધિકારી છે.

અર્બુદાધામના મહોત્સવ પ્રસંગે આંજણા સમાજના કુલ ૧૨૫૩ ગામોમાંથી યુવાનો દ્વારા ૧૨૫૩ બોટલોમાં રકતદાન રકત એકત્ર થયું તે બ્લડ બેંક માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા એનાયત કરવામાં આવ્યું હતું.

નિરાશાજનક પરિણામ ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૨૨૩ વિદ્યાર્થી નિષ્ફળ રહ્યા છે. જયારે દહેગામ કેન્દ્રમાં ૧૬૨૩ વિદ્યાર્થીઓ પૈકી ૩૩૧ નાપાસ થયા છે. કેન્દ્રનું પરિણામ ૭૯.૬૧ ટકા આવ્યું છે. નાંદોલ કેન્દ્રમાંથી પણ ૬૫૯ વિદ્યાર્થી પૈકી ૧૪૮ને સફળતા મળી નથી. કેન્દ્રનું પરિણામ ૭૭.૫૪ ટકા આવ્યું છે. ચાંદખેડા કેન્દ્રનું પરિણામ પણ ૬૦.૮૯ ટકા રહ્યું છે. જયારે ચંદ્રાલા કેન્દ્રનું પરિણામ ૭૧.૨૯ ટકા આવ્યું છે. જિલ્લાના છાલા કેન્દ્રનું પરિણામ સૌથી ઉંચું ૮૬.૨૩ ટકા આવ્યું છે. આ કેન્દ્ર પરથી ૨૭૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૨૩૮ વિદ્યાર્થી સફળ રહ્યા હતા. ગાંધીનગર બાદ કલોલ કેન્દ્રનું પરિણામ પણ અત્યંત નબળું હોવાનું ધ્યાને આવ્યું છે. કલોલ કેન્દ્રમાં ૨૬૦૪ પૈકી ૧૧૯૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. કેન્દ્રનું પરિણામ માત્ર ૫૩.૯૬ ટકા આવ્યું છે. માણસા કેન્દ્રમાંથી ૧૮૦૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં અપિયર થતા હતા. કેન્દ્રનું પરિણામ ૬૦.૯૧ ટકા રહ્યું છે.

શબ્દાવલી - ૫૦૭૯



આડી ચાવી

૧. મજબૂર (૩)
૩. ખુબ જ પાતળી બારીક તિરાડ (૩)
૫. શરીર (૨)
૬. બે વ્યક્તિનું જોડકું, જોડ (૩)
૮. સોગન, કસમ (૩)
૯. વૃક્ષ, ઝાડ (૨)
૧૦. ખુબ ગલીઓવાળુ, ... ઓ વાળુ (૪)
૧૨. થંભાવ, રોકી લે (૨)
૧૩. પત્ર (૨)
૧૪. છૂ થઇ જવું, ભાગી જવું (૩)
૧૭. કોડીથી રમાતી એક રમત (૩)
૨૦. છુટ્ટી (૨)
૨૧. હિંમત, તાકાત (૨)
૨૩. દાનત (૩)
૨૫. લાજ, લજ્જા (૩)
૨૬. મફત, ફ્રી (૩)

ઊભી ચાવી

૧. વૈરાગ્ય (૪)
૨. વગડો, જંગલ (૨)
૩. એક કઠોળ (૨)
૪. કૈલાશમાં... ડમડમ વાગે (૩)
૬. ચણતરમાં ઉપયોગી કાળી પથરી (૩)
૭. રસ્તો, કેડી (૨)
૮. દુષ્યન્ત રાજાની પત્ની (૪)
૯. ટસલ, બોલાચાલી (૪)
૧૧. માથાના જંતુની અઘાર (૨)
૧૨. રૂઆબ, જુસ્સો (૨)
૧૫. ઓઢવાની રૂની ગોદડી (૩)
૧૬. હુકમ, આજ્ઞા (૩)
૧૮. છુટ્ટા વાળની હેર સ્ટાઇલ (૨)
૧૯. નાટક, ત્રાગડો કરવો (૩)
૨૨. માદાનો વિરોધી શબ્દ (૨)
૨૪. મોકો, લાગ (૨)

શબ્દાવલી ૫૦૭૮ના જવાબ

આડી ચાવી :- (૧) મહાવત (૪) હેત (૬) ધમની (૭) આચમન (૮) માણ (૯) ટેલીફોન (૧૧) મરો (૧૩) રેલી (૧૪) સડક (૧૬) કપ (૧૭) ચમક (૧૯) ઝાપટઝૂમટ (૨૧) બારોટ (૨૨) લોચન

ઊભી ચાવી :- (૧) મધર ટેરેસા (૨) હામ (૩) વની (૪) હેમખેમ (૫) તન (૭) આણ (૮) માનસપટ (૧૦) લીલી (૧૨) રોનક (૧૫) કચકચ (૧૬) કપટ (૧૮) મટન (૧૯) ઝારો (૨૦) ઝૂલો

ગુજરાતના વિજ ગ્રાહકો માથે ૨૯૭ કરોડનો આર્થિક બોજો

ગાંધીનગર, તા.૩

ઉર્જા મંત્રી સૌરભભાઈ પટેલે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા કોલસાના ભાવ વધારા અંગે ઉગ્ર પ્રતિક્રિયા આપવા જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર હસ્તકની કોલ ઈન્ડીયા લી.કંપનીએ તા-૨૭મી એપ્રીલથી અમલમાં આવે તે રીતે ફરીવાર કોલસાના ભાવમાં ૧૦ ટકાનો વધારો કર્યો છે. જેની સીધી અસર વીજ ઉત્પાદન ખર્ચ ઉપર પડશે. અને તેના કારણે આ વર્ષમાં જ ૨૯૭ કરોડનો વધારાનો બોજો ગુજરાતના વીજ ગ્રાહકો ઉપર પડશે. ઉર્જા મંત્રીએ જણાવ્યું કે કેન્દ્રની વર્તમાન યુપીએ સરકારે કોલસાના ભાવમાં કોરેલા અણધાર્યા વધારાના કારણે રાજયમાં કોલસા આધારીત વીજ ઉત્પાદન ખર્ચમાં પ્રતિ યુનિટ ૯ પૈસાનો વધારો થશે. આનાથી ગંભીર હકીકત એ છે કે કોલસાના ભાવ વધારાની સાથે સાથે તા,૧ લી એપ્રિલથી રેલ્વે મંત્રાલય દ્વારા રેલ્વે ભાડામાં પણ ૫.૭૯ ટકાનો વધારો કોલસાના પરિવહન દરોમાં કરવામાં આવ્યો છે. જેના કારણે આ વર્ષમાં જ વધુ ૧૩૭ કરોડનો બોજો પડ્યો છે. વીજ ઉત્પાદન પ્રતિ યુનિટ ૮ પૈસા મોંઘુ થયું છે. આમ સામાન્ય જનતાની મોંઘવારીની પીડામાં વધુ એક કમરતોડ ફડકો કેન્દ્રની અવળ નીતિને કારણે પડશે.

દેશમાં સૌ પ્રથમવાર ગાંધીનગર ખાતે યોજાઈ રહેલ ડેરી વિકાસ અને પશાપલન અંગેનો પરિસંવાદન

ગાંધીનગર, તા.૩

દેશના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ગુજરાતના પાટનગર ગાંધીનગર, મહાત્માં મંદીર ખાતે તા. ૧૧ અને ૧૨ જુનના રોજ અખિલ ભારતીય પશુપાલન અને ડેરી વિકાસ અંગેનો પરિસંવાદ યોજાઇ રહ્યો છે. રાજયના મુખ્યમત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આ પરિસંવાદને તા. ૧૧ જુનના રોજ ખુલ્લો મુકશે.

આ પરિસંવાદનો અભિગમ એ છે કે દેશના પશુપાલન અને ડેરી વિકાસના વિષય નિષ્ણાતો, સરકારી અને બિન સરકારી, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા પ્રગતિશીલ સફળ પશુપાલકોને પશુપાલન અને ડેરી વિકાસ માટે ચિંતન કરવા માટે એક રાષ્ટ્રીય મંચ મળી રહેશે. જેમાં આ ક્ષેત્રના અનુભવી પશુપાલકો અને નિષ્ણાતો પોતાના અનુભવો, વિચારો અને સુચનોનું આદાન પ્રદાન કરી, આ ક્ષેત્રના આગવા વિકાસ માટે ભાવિ આયોજન વિશે રૂપરેખા ઘડશે.

બ્રાઝીલ, ઈઝરાયલ અને નેધરલેન્ડ જેવા કૃષિ અને પશુપાલનમાં અગ્રેસર એવા દેશોના પ્રતિનિધિઓ આ પરિસંવાદમાં ભાગ લઇ રહ્યા છે. આ ઉપરાંત સમગ્ર દેશના ૧૯ રાજ્યોમાંથી ૧૫ જિલ્લાઓમાંથી ૭૦૦૦ કરતા પક્ષી વધુ જેટલા પશુપાલન, ડેરી, ખેતીવાડી ક્ષેત્રના નિષ્ણાતો અને પ્રગતિશીલ પશુપાલકો અને ગોપાલકો ભાગ લેશે

આ ઉપરાંત નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, નેશનલ ડેરી રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ, ઈન્ડીયન વેટરનરી જેવી રાષ્ટ્રીય કક્ષાની મહત્વની સંસ્થાઓ રીસર્ચ ઈન્સ્ટીટયુટ અને ડેરી સાયકલ કોલેજોના ૩૧થી વધુ વિષય નિષ્ણાતો અને તેમના જ્ઞાન અનુભવ અને અભિપ્રાયોનું આદાનપ્રદાન કરવો.

આ પરિસંવાદમા ટેકનીકલ સેસન્સનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં સ્ટ્રેટેજી ફેર મીલ્ક પ્રોડક્શન, આ ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થઓનો ફાળો, પશુપાલન ઉત્પાદન ક્ષેત્રે જળ સંચયનું મહત્વ, મહિલા સશક્તિકરણ , ગ્રામીણ રોજગારી અને જીવનધોરણ સુધારવા માટે પશુપાલન અને ડેરી વિકાસનું મહત્વ વગેરે વિષયોનો સમાવેશ થાય છે

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત પશુપાલન અને સહકાર ક્ષેત્રનો અદ્‌ભુત સમન્વય સાધીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિધ્ધ મેળવી છે. આજે ગુજરાતની ડેરી ઉત્પાદન વસ્તુઓ વિશ્વના દેશોમાં મળતી થઇ છે જે સહકારી ક્ષેત્રને આભારી છે.

અમદાવાદ અને ગાંધીનગરના અનેક વિસ્તારોમાં વિજળી ડુલ

શહેરના મણીનગર, જુનાવાડજ, નારણપુરા, વસ્ત્રાપુર, શાહીબાગ, યુનિવર્સિટી, ઘાટલોડિયામાં વિજળી ડૂલ થઈ

અમદાવાદ,તા. ૩

અમદાવાદ અને ગાંધીનગર શહેરના અનેક વિસ્તારોમાં આજે સાંજે એકાએક વિજળી ડુલ થતાં લોકો ગરમીમાં બફાઈ ગયા હાત. શહેરના જુનાવાડજ, મણીનગર, નારણપુરા, વસ્ત્રાપુર, વાડજ, શાહીબાગ, યુનિવર્સિટી, ઘાટલોડિયામાં અડધા કલાકથી વધુ સમયમાટે વિજળી પુરવઠો ખોરવાતાં લોકો ગરમી અને ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

સાંજે ૭.૩૦ વાગ્યા પછી અંધારપટ છવાયો

અમદાવાદ અને ગાંધીનગર શેહરના અનેક વિસ્તારોમાં આજે સાંજે ૭.૩૦ વાગ્યાથી આસપાસ એકાએક વિજળી ડૂલ થતાં અંધારપટ છવાઈ ગયો હતો. શહેરના જુનાવાડજ, મણીનગર, નારણપુરા, વસ્ત્રાપુર, શાહીબાગ, યુનિવર્સિટી, ઘાટલોડિયામાં વિજળી ડુલ થતાં અંદારપટ છવાઈ ગયો હતો. વિજ પુરવઠો ખોરવાતાં ગરમી અને ઉકળાટથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. ટોરેન્ટના સાબરમતી પાવરહાઉસ ખાતે ફોલ્ટ થતાં વિજ પુરવઠો ખોરવાયો હતો. જો કે ટોરેન્ટ કંપનીના સ્ટાફે વિજપૂરવઠો પુનઃ શરૂ કરવાનો પ્રયાસ હાથ ધરતાં યુનિવર્સિટી સહિત કેટલાક વિસ્તારોમાં અડધો કલાક પછી ફરીથી વિજ પુરવઠો પુનઃ શરૂ થયો હતો. જ્યારે ઘણા વિસ્તારોમાં આંધરપટ ચાલુ રહ્યો હતો. ગરમીની ઋતુમાં વિજ પુરવઠાની માંગ વધી જતાં ક્યારેક વિજળી વિસ્તરણ કરતાં નેટવર્કમાં ફોલ્ટ સર્જાય છે. આજે પણ આવો જ ફોલ્ટ સર્જાયો હતો.

વિકલાંગ બાળકો પણ મુખ્ય પ્રવાહમાં ભણવા હક્કદાર

ગાંધીનગર, તા. ૩

'ધ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ ચિલ્ડ્રન રીપોર્ટ' એ એક એવો વાર્ષિક અહેવાલ (પબ્લિકેશન) છે કે જે બાળકોને અસર કરતા વૈશ્વિક વલણોનું વ્યાપક વિશ્લેષણ આપે છે. આ અહેવાલ દરેક વર્ષે યુનિસેફની રીપોર્ટ'નું મુખ્ય કેન્દ્ર રહેશે.

આ અહેવાલની સાથે, ખાસ કરીને બાળકો માટેના વિકલાંગતાના અધિકારીઓની મજબુત અવાજની સાથે વૈશ્વિક સ્તરે વધુ દૃશ્યમાન કરી શક્યતમ વધારે અને તાકીદે ચર્ચા થાય તેવી યુનિસેફ આશા રાખે છે.

માનસિક વિકલાંગ તન્વીર ખેલ મહાકુંભની ફાસ્ટ વોકમાં ઈનામ જીતી લાવ્યો

યુનિસેફના કાર્યક્રમમાં ભાગ લેનાર ૧૧ વર્ષિય તનવીર અબ્દુલ રહીમ ભરૂચી છેલ્લા છ વર્ષથી બરોડા સીટીઝન કાઉન્સીલ સંચાલિત ડો. નંદીની ગાંધી ડેકેર સ્કુલમાં અભ્યાસ કરે છે. તેની સાથે સાથે ફાસ્ટ વોકમાં વર્ષ ૨૦૧૧માં ખેલ મહાકુંભમાં ગોલ્ડ મેડલ મેળવી સ્કુલ તેમજ તેના માતાપિતાનું નામ ઉજ્જવળ કર્યું છે. તેને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે મ્યુઝીકલ ચેર, લીંબુ ચમચી, રન, પતંગ બનાવવાનો ગજબનો શોખ છે. આ બાળકને સંપૂર્ણ માર્ગદર્શન સંસ્થાના કો-ઓર્ડીનેટર ચાંદની પાઠક અને શિક્ષક શૈલા પવાર આપી રહ્યા છે.

વિસ્તૃત તથા નક્કિ કરેલા અનુભાગ પ્રમાણે બાળકોને સ્પર્શતા ચાવીરૂપ પ્રશ્નોનો અભ્યાસ કરે છે. 'ધ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ ચિલ્ડ્રન'સ રીપોર્ટ' તે ફક્ત માહિતીઓનો મુખ્ય શ્રોત બનતો નથી, પરંતુ તે બાળકોના અધિકારોને પ્રસ્થાપિત કરવા માટે કાર્યરત સમુદાય/લોકો માટે હિમાયતનું એક મુખ્ય સાધન પણ બને છે. વિકલાંગતા ધરાવતા બાળકો વર્ષ ૨૦૧૩માં 'ધ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ ચિલ્ડન'સ વિકલાંગ બાળકોને પણ અન્ય બાળકો જેટલા જ અધિકારો છે. જેમાં તેઓની સ્વતંત્ર ઓળખ તથા અન્યની જેમ આંદનથી જીવન જીવવાની સમાન તકોનો સમાવેશ થાય છે. ડૉ. પ્રકાશ ગુરનાની (ચિફ ગુજરાત રાજ્ય, યુનિસેફ)ના કહેવા મુજબ, જ્યારે તમે બાળકની પહેલા તેની વિકલાંગતા જૂઓ છો, ત્યારે તે ફક્ત બાળક માટે જ અયોગ્ય નથી પરંતુ બાળક સમાજને જે આપી શકે છે તેનાથી સમાજ પણ વંચિત રહે છે. આમ, આ ઉપેક્ષા બાળકો તથા સમાજ બન્ને માટેની તકો ગુમાવે છે.

જો આપણે આ બાળકો શું નથી કરી શકતા તે જોવાના બદલે શું પ્રાપ્ત કરી શકે છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો વિકલાંગ બાળકો અને તેના સમુદાય બન્નેને લાભ થશે. વિકલાંગતાને લઈ અને નકારાત્મક ધારણા અને સમજશક્તિ છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વિકલાંગ બાળકો એટલે અશક્ત, અક્ષમ, અવલંબિત અને અન્યથી જુદા. જ્યાં સુધી વિકલાંગ બાળકો માટેની આવી નકારાત્મક માન્યતાઓ દૂર નહિ થાય ત્યાં સુધી તેઓ પોતાના અધિકારોથી વંચિત રહેશે.

વિકલાંગ બાળકોને મુખ્ય પ્રવાહમાં સમાવેશ કરવા માટે દૃષ્ટિકોણ બદલાવવો જરૂરી છે. વિકલાંગ બાળકોના અધિકારોને માન્યતા, તેઓની સક્રિય ભાહીદારી તથા તેઓના અવાજને સાંભળવાની સમજથી સમાજ સમગ્ર રીતે વધુ સુદૃઢ બનશે. તેઓ એક અલગતાના બદલે સમગ્રનો એક ભાગ બને તે જરૂરી છે. વિકલાંગ બાળકો પોતાનો મુખ્યધારામાં સમાવેશ કરવા માટેના અવરોધોને દૂર કરવા માટે, સમાજમાં પોતાના સમાવેશ કરવા માટેના અવરોધો દૂર કરવા માટે, તેમના અધિકાર પ્રમાણેનું સ્થાન લેવા માટે, સમુદાયમાં અન્યની જેમ સમાન ભાગીદારી માટે તથા સમુદાયને વધુ સમૃદ્ધ બનાવવા માટે ખૂબ જ સક્ષમ છે.

વિકલાંગ બાળકો માટેની ઉપેક્ષા તેમના જીવનના પ્રથમ દિવસથી જ જન્મની નોંધણી ન કરાવવાથી શરૂ થાય છે. પોતાના સત્તાવાર નોંધણી અને માન્યતાના અભાવે તેઓ સામાજિક સેવાઓ અને કાનૂની આરક્ષણથી અળગા બને છે કે જે તેઓના જીવન તથા ભવિષ્યની આશાઓ માટે અત્યંત મહત્વનું છે. તેઓનો સીમાંતવાદ આ ભેદભાવો સાથે જ વધે છે.

આંકડાઓ મુજબ, નીતિઓમાં તથા સમુદાયમાં વિકલાંગ બાળકો અને તેના પરિવારોની અવાર-નવાર નોંધ લેવાતી નથી. વર્ષ-૨૦૦૧ની જનગણના અનુસાર વિકલાંગ લોકો ભારતની કુલ વસ્તીના ૨.૧૩ ટકા છે. જ્યારે વિકલાંગતા અંગેનો વિશ્વના વર્ષ ૨૦૧૧ના અહેવાલ (વર્લ્ડ હેલ્થ સર્વે, ૨૦૦૨-૦૪) મુજબ ભારતમાં આ સંખ્યા ૨૫ ટકા કે કુલ વસ્તીના ચોથા ભાગીની છે. વિકલાંગતા સાથે જોડાયેલ લાંછન અને ભેદભાવના લીધે લોકો ઘણીવાર પોતાના પરિવારના સભ્યની અપંગતા કહેવાનું ટાળે છે. જન્મ સમયે, પરિવારોને પુરતા આધારની જરૂરીયાત છે જેથી તો પોતાના બાળકોને વધુમાં વધુ ગુણવત્તા યુક્ત જિવન તથા સાર-સંભાળ પુરી પાડી શકે. આ પ્રકારની મદદ સરકારની આર્થિક રીતે સહાય અથવા અનુદાન કે જે આવક-ખર્ચને સરભર કરવાના તથા વિકલાંગ બાળકની સાર-સંભાળના સ્વરૂપમાં હોઈ શકે છે. આ પ્રકારની મદદ વિકલાંગ બાળકોને પરિવારમાંથી અળગા કરવાનું પ્રમાણ ઘટાડી શકે છે તથા તેને પરિવારનો એક ભાગ બનાવે છે.

શાળામાં અને જીવનના દરેક સ્તરે વિકલાંગતા ધરાવતા બાળકો પણ ગણતરીમાં લેવાવા જોઈએ.

વિકલાંગ બાળકો ધરાવતા

ત્રણ પકડાયા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિકરાને અપહરણ કરી પૈસા કમાવવાનું કહેતા સચિને તેના માસિના સચિન અંગેની માહિતી આપી હતી. જે અપહરણકારોએ ત્રણ માસ અગાઉ 'ઈમરાન હાસમી' અભિનીત 'મર્ડર થ્રી' ફિલ્મ જોઈ મોજ શોખ કરવા અને ટુંકાગાળામાં લાખો રૂપિયા કમાઈ લેવાના આસયથી આ કિમીયો ઘડ્યો હતો. અને ત્રણ માસ પહેલા તેને ઉપાડવાનો પ્લાન બનાવી એક નવો મોબાઈલ તથા બે ડમી કાર્ડ મેળવી લઈ રાજનું અપહરણ કરવા ત્રણ ચાર વાર પ્રયત્ન કર્યા હતા પરંતુ સફળ નહી થતા થોડો સમય પ્લાન મુલત્વી રાખ્યો. આ પ્લાનને તા. ૧ જૂન ૨૦૧૩ના રોજ અંજામ આપ્યો હતો. ત્રણેય અપહરણકારો ફન્ટીની નંબર પ્લેટ પર ૩૦૭૫ તથા ૧૬૭૫ના સ્ટીકર લગાવી પ્રતિક મોલ આગળથી પોતાની ફન્ટી લઈ મોઢે રૂમાલ બાંધી રાજનું અપહરણ કરી વાવોલના પોતાના ભાડાના રૂમ પર લઈ ગયા હતા. તેથી ચોંકાવનાર કબુલાત કરી હતી. પોલીસે ગણતરીના કલાકોમાં જ આ અપહરણકારોને ઝડપી લઈ ગુન્હામાં વપરાયેલા વાહનને પણ કબજે કર્યું છે.

આ ચકચારી અપહરણકાંડમાં આરોપી સચિન ઠક્કર અને રાહુલ સિંગ બન્ને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. જ્યારે અન્ય એક કિશોર બી.સી.એ.માં અભ્યાસ કરે છે. ભણેલા-ગણેલા વિદ્યાર્થીઓએ મોજશોખ માટે ફિલ્મો જોઈ આ પ્રકારની પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. જે સમાજ માટે લાલ બત્તી સમાન છે.

ગોલ્ડ મેડલ મેળવી માયાએ ગામનું નામ રોશન કર્યું

ગાંધીનગર ખાતે યોજાયેલ યુનિસેફના કાર્યક્રમમાં ઉપસ્થિત સ્પેશ્યલ ચાલ્ડ મહેસાણાની માયા દેવીપૂજક નામની ૧૮ વર્ષીય દિકરીએ સાઉથ કોરિયાના પીયાંગ ચાંગ ખાતે યોજાયેલ ઓલ્મ્પીકમાં ફલોર હોકીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. માયા ધોરણ-૭માં અભ્યાસ કરે છે. અભ્યાસમાં પણ તે ખૂબ જ તેજસ્વી છે. હિમાલય, ચંદીગઢ, સિમલા સહિત વિવિધ જગ્યાએ યોજાયેલ રમતોમાં પણ માયાએ ખુબ સારો દેખાવ કર્યો છે. વધુમાં માયાને વિમાનમાં પ્રવાસ કરવો ખુબ ગમે છે. માયા છેલ્લા પાંચ વર્ષથી મહેસાણાની ખોડીયાર એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શાળામાં અભ્યાસ કરે છે. સ્પેશ્યલ ચાઈલ્ડ બાળકો સાથે રહેવાથી તેમજ શાળા પરિવારના પધ્ધતિસરના શિક્ષણ અને ટ્રેનીંગથી માયામાં ખુબ જ બદલાવ આવ્યો છે તેમ તેની માતા અને શાળાના કોર્ડીનેટર વિષ્ણુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

પગીના મુવાડા ગામના હિંમતને હવે સ્વતંત્ર જીવવાની હિંમત જાગી છે

ગાંધીનગર ખાતે યુનિસેફ દ્વારા યોજાયેલ 'ધ સ્ટેટ ઓફ ધ વર્લ્ડ ચિલ્ડ્રન્સ રીપોર્ટ' કાર્યક્રમ અંતર્ગત સંતરામપુર તાલુકાના પગીના મુવાડા ગામનો નવ વર્ષીય સ્પેશ્યલ ચાઈલ્ડ હિંમત કાનજીભાઈ પગી પોતાના ઘરમાં સમાજથી અલગ રહેતો હોય એ રીતે ઘરમાં એકલો જ રહેતો હતી. બરોડા ખાતે આવેલી બરોડા સીટીઝન કાઉન્સિલ સંચાલિત દીશા સંસ્થામાં હિંમતને મુકવામાં આવ્યો હતો. છેલ્લા ૪ વર્ષની તાલીમ બાદ હિંમત પરિવાર સાથે હળી મળીને રહે છે. પોતાનું કાર્ય જાતે કરે છે. અન્ય બાળકો સાથે રમવા જાય છે. ભુખ લાગે તો તેની માતા પાસે જમવાનું માંગે છે અને જાતે જમે પણ છે. આ સંસ્થામાં પ્રવેશતા અને યુનિસેફના માર્ગદર્શનથી આ બાળક સમાજમાં ભળતું થયું છે.